ઈમરજન્સી સેવા ૧૦૮નું આ બોર્ડ વરસાદને કારણે જમીન પોચી થવાથી છેલ્લા કેટલાય દિવસોથી પડી ગયું છે. ગાંધીનગર - કોબા હાઈવે પરથી પસાર થનારા તમામ લોકોને જાણે સંકેત આપી રહ્યું છે, '૧૦૮ને પણ ૧૦૮ની જરૂર છે.' (તસવીર : કશ્યપ નિમાવત)

લેકાવાડા ગામમાં સાબરમતી નદી કિનારે હાથ પગ કપાયેલ નગ્ન હાલતમાં મૃતદેહ મળી આવ્યો

ગાંધીનગર, તા. ૫

લેકાવાડા ગામની સીમમાં આવેલ સાબરમતી નદીના કિનારે જક્ષણી માતાના મંદિરના સામેના ભાગે આજે સવારે એક હાથ અને પગ વગરનો અજાણ્યા પુરૂષનો નગ્ન અવસ્થામાં ઝાડી ઝાંખળામાં ફસાયેલો મૃતદેહ મળી આવતા ચિલોડા પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર છેલ્લા ઘણા સમયથી ચોમાસાની ઋતુમાં ભારે વરસાદ થવાથી સાબરમતી નદીમાં ભારે પાણીની આવક નોંધાઈ હતી. આથી થોડા દિવસ બાદ પાણી ઓછુ થતા આજે લેકાવાડા ગામના સીમમાંથી પસાર થતી સાબરમતી નદીના કિનારે ગામના જ નટવરભાઈ રમણભાઈ રાવળને કિનારાની પાસે ઝાડી ઝાખળામાં ફસાયેલો નગ્ન અવસ્થામાં મૃતદેહ નજરે પડ્યો હતો. આથી તેમણે તુરંત ચિલોડા પોલીસ મથકમાં જાણ કરવામાં આવતા પોલીસે ઘટના સ્થળે દોડી આવી અજાણ્યા મૃતદેહની તપાસ કરતા મૃતદેહનો જમણો હાથ અને ડાબો પગ કપાયેલી હાલતમાં મળ્યો હતો. આથી પોલીસે આ મૃતદેહને બહાર કાઢી પી.એમ. અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. આ અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે આ હાથ પગ કપાયેલા નગ્ન મૃતદેહને કોઈએ મારીને નાખી દિધો છે કે શું અથવા તો આ મૃતદેહ દટાયા બાદ નદીના પાણીના પ્રવાહમાં તણાઈ બહાર આવ્યો છે. તે ચર્ચાએ ભારે જોર પકડ્યું છે.

ખોડીયાર રેલવે સ્ટેશન નજીક જમ્મુ-તાવી ટ્રેનની નીચે કપાઈ જતા અજાણ્યો પુરૂષ મોતને ભેટ્યો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર નજીક ખોડીયાર-ખોરજ રેલવે સ્ટેશન પર આજે બપોરના સમયે પુરપાટ ઝડપે આવતી જમ્મુ-તાવી ટ્રેનની અડફેટે આવતા ભિખારી જેવા લાગતા એક અજાણ્યા પુરૂષનું ટ્રેનની નીચે કપાઈ જતા કરૂણ મોત નિપજ્યું હતું. આ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, ગાંધીનગર નજીક આવેલ ખોરજ-ખોડીયાર રેલવે સ્ટેશન પર સવારે ૧૨ વાગ્યાના સુમારે પુરપાટ ઝડપે દોડી આવતી જમ્મુ-તાવી ટ્રેનની અડફેટે એક ભિખારી જેવો લાગતો અજાણ્યો પુરૂષ આવી ગયો હતો અને ટ્રેનની નીચે આવી જતા અજાણ્યો પુરૂષ કપાઈ ગયો હતો. થોડીવાર તડફડીયા મારીયા બાદ આ અજાણ્યો પુરૂષ મોતને ભેટ્યો હતો. આ ઘટના અંગે રેલવે પોલીસ અને અડાલજ પોલીસે ટના સ્થળે આવી પંચનામુ કરી મૃતદેહને પી.એમ. અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો અને મૃતદેહ અંગે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સમગ્ર દેશમાં સૌપ્રથમ આઈઆઈઆઈટીનો ગાંધીનગર ખાતે ઉદ્‌ઘાટન સમારોહ સંપન્ન

શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે કે, ઈન્ફર્મેશન ટેકનોલોજીનો સમગ્ર દેશ અને વિશ્વમાં વ્યાપ વધી રહ્યો છે ત્યારે ગુજરાતે સમગ્ર દેશમાં ઈન્ફર્મેશન ટેકનોલોજીના અભ્યાસ ક્ષેત્રે આગવી પહેલ કરીને દેશ અને દુનિયાને નવો રાહ બતાવ્યો છે.

આજે ગાંધીનગર ખાતે સમગ્ર દેશમાં સૌ -થમ એવા ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ફર્મેશન ટેકનોલોજી, વડોદરાના ઉદઘાટન સમારોહનું મંગલદીપ -ગટાવી શુભારંભ કરાવતાં મંત્રીશ્રીએ કહ્યું કે, શિક્ષણ ક્ષેત્રે ગુજરાતે આજે એજયુકેશન હબ બનીને દેશ અને દુનિયાનું ધ્યાન ખેંચ્યું છે ત્યારે આ સંસ્થા દ્વારા ઉપલબ્ધ અભ્યાસક્રમો દેશ માટે રાહબર બનશે. તેમણે ઉમે ર્યું કે, પબ્લીક -ાઈવેટ પાર્ટનરશીપ દ્વારા શરૂ કરાયેલ આ સંસ્થામાં કેન્દ્ર સરકારનો ૫૦ ટકા, રાજ્ય સરકારનો ૩૫ ટકા તેમજ જી.એસ.એફ.સી., જી.ઈ.આર.એમ.આઈ. અને ટી.સી.એસ. -ત્યેકનો પાંચ-પાંચ ટકા હિસ્સો રહેશે. આ માટે રાજ્ય સરકારે ૫૦ એકર જમીન વડોદરા ખાતે ફાળવી છે. જેમાં ઝડપથી આ કામગીરી હાથ ધરાશે. આ વર્ષે ગાંધીનગર ખાતે વિદ્યાર્થીઓ માટે સવલતો ઉભી કરવામાં આવી છે.

પ્રકૃતિ સાથે અનોખો સંબંધ ધરાવતા લોકગીતો જીવનનું પ્રતિબિંબ : વી. એસ. ગઢવી

સે-૭ ચૌધરી મહિલા કોલેજમાં સાહિત્યકારે વિદ્યાર્થીઓ સાથે ગોષ્ઠી કરી

ગાંધીનગર, તા.૫

આજના ગીતો અને રચનાઓ ટૂંકા સમયમાં ભૂલાઈ જાય છે, પરંતુ લોકગીતો વર્ષોથી જીવંત છે. પ્રકૃતિ સાથે અનોખો સંબંધ ધરાવતા લોકગીતો જીવનનું પ્રતિબિંબ છે તેમ જાણીતા સાહિત્યકાર વી.એસ. ગઢવીએ આજે ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં તેમના વકતવ્યમાં જણાવ્યું હતું.

અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં આજે સાહિત્યકાર વી.એમ. ગઢવીએ વિદ્યાર્થીઓ સાથે ગોષ્ઠી કરી હતી. તેમણે વિદ્યાર્થીનીઓને વિવિધ કવિઓની રચનાઓ વિસ્તૃત રીતે સમજાવી કાવ્ય તત્વ અંગે સમજ પૂરી પાડી હતી. તેમણે લોકગીતોનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે આજના ગીતો અને રચનાઓ ટૂંકા સમયમાં ભૂંસાઈ જાય છે. ગામડાઓમાં મેળામાં અને રાસમાં ગવાતા લોકગીતોના કોઈ લેખકો નથી. છતા વર્ષોથી જીવંત છે. લોકગીતો સ્વયંભૂ શિવલીંગો જેવા છે. જીવનના વહેલા પ્રવાહસાથે વહે છે. તેમણે આ અંગે વિદ્યાર્થીનીઓને વિસ્તૃત સમજ આપી જણાવ્યું હતું કે લોકગીતોમાં ઉમંગ-ઉત્સાહ હોય છે. લોકગીતોમાં શ્રમનું પણ ગૌરવ છે. જીવનમાં આવતી વેદના અને તકલીફો પણ તેમાં વણી લેવાયા છે. જીવનમાં બધું લીલુંછમ હોતું નથી. લોકગીત જીવનનું પ્રતિબિંબ છે. તેમાં ભાવની ભીનાશ ભાષાની સરળતા અને સહજતાનો શણગાર જોવા મળે છે. લોકગીતોનો પ્રકૃતિ સાથે અનોખો સંબંધ છે. આઝાદીની ચળવળ વેળાએ કવિઓએ ઘણા સાહિત્યનું નિર્માણ કર્યું હતું. મેઘાણીજીએ ઘણી સુંદર રચનાઓ તૈયાર કરી હતી. તેમણે વિદ્યાર્થી ગણને કવિ કલાપી, નરસિંહના પ્રભાતિયા અને દયારામની ગરબીઓ, લોકગીતો અને લગ્નગીતો ઉપરાંત સાંપ્રત-સાહિત્ય અંગે સમજ પૂરી પાડી હતી. આ પ્રસંગે સંસ્થાના કેમ્પસ ડાયરેકટર ગણેશભાઈ ચૌધરી, આચાર્યશ્રી ઉર્મિલાબેન, આશાબેન સરવૈયા તેમજ જયરાજસિંહ સરવૈયા ઉપસ્થિત રહ્યા હતાં.

જિલ્લાના કર્મચારી પરિવાર સાથે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવું જોઈએ : કલેક્ટર

ગાંધીનગર જિલ્લા કલ્યાણ સમિતી દ્વારા વર્ષ- ૨૦૧૨માં જિલ્લા કક્ષાની રમતો યોજવામાં આવી હતી. આજરોજ આ રમતોમાં વિજેતા થયેલા કર્મચારીઓનો ઈનામ વિતરણ સમારંભ જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપના અધ્યક્ષ સ્થાને જિલ્લા સેવા સદન ખાતે યોજાયો હતો. જેમાં વિવિધ રમતોમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર કર્મચારી ખેલાડીઓનું ટ્રોફી આપી સન્માન કરવામાં આવ્યું હતું.

આ -સંગે જિલ્લા કલેકટર શ્રી પી. સ્વરૂપે જણાવ્યું હતું કે, જીવનમાં દૈનિક કામ ઉપરાંત કળા, રમત-ગમત અને અન્ય શોખ હોય તેવી -વૃતિ ખૂબ જ જરૂરી છે. જે વ્યક્તિ પોતાના દૈનિક કામ ઉપરાંત આવી અન્ય -વૃતિ સાથે સંકાળયેલા હોય છે, તેઓની શારીરિક અને માનસિક સ્વસ્થતા અન્ય વ્યક્તિ કરતાં વધુ હોય છે. તેમજ તેમની દૈનિક કામગીરીમાં પણ ઉત્સાહ જેવા મળે છે.

હાલના સમયમાં નાના બાળકોથી માંડી વડીલોમાં ટી.વી., ઈન્ટરનેટ અને મોબાઈલનું આકર્ષણ સૌથી વધુ જોવા મળી રહ્યું છે. પરંતુ શરીર અને મનની તંદુરસ્તી માટે ખેલકૂદ અને અન્ય શોખ જીવનમાં જાળવી રાખવા ખૂબ જ જરૂરી છે. રમત થકી વ્યક્તિનો સ્વભાવ પણ સારી રીતે જાણી શકાય છે. ખેલકુદમાં હમેંશા જીત હોતી નથી કયારેક હાર પણ મળે છે. જેથી જીવનમાં એક ખેલદિલીની ભાવના પણ ઉજાગર થાય છે. રમતના મેદાનમાં દરેક વ્યક્તિ એક સમાન છે., તેવી ભાવના સાથે રમવા પણ ખાસ અનુરોધ કર્યો હતો.

આ -સંગે કલેકટરશ્રીએ જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓનો પરિવાર સાથેના કલ્ચરલ કાર્યક્રમ અને રમત યોજવાનો ઉમદા વિચાર પણ રજૂ કર્યો હતો. ટુંક સમયમાં આવો કાર્યક્રમ યોજાયા તેવું સુચારું આયોજન કરવા જિલ્લા વિકાસ અધિકારીશ્રીને જણાવ્યું હતું.

આ -સંગે સામાન્ય વહીવટ વિભાગના ડેપ્યુટી સેક્રેટરી શ્રી જવંલત ત્રિવેદી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી. જે. ભટ્ટ, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી વિનયગીરી ગોસાઈ, -ાથમિક શિક્ષણાધિકારી શ્રી બહાદુરસિંહ સોલકી સહિત મોટી સંખ્યામાં કર્મચારીઓ અને ખેલાડીઓ ઉપસ્થિત રહયાં હતાં.

ચિલોડાથી સપ્તાહ પહેલા બિમાર હાલતમાં મળી આવેલ અજાણ્યા યુવાનું સારવાર દરમિયાન મોત

ગાંધીનગર, તા. ૫

ચિલોડા સર્કલ પાસે અઠવાડીયા પહેલા કોઈ બિમારીથી પીડાતો એક અજાણ્યો પુરૂષ બેભાન અવસ્થામાં મળી આવતા પ્રથમ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં બાદમાં અમદાવાદ સિવિલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જેનું ગતરોજ સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગરના ચિલોડા સર્કલ નજીક એક સપ્તાહ અગાઉ કોઈ બિમારીમાં સપડાયેલ એક અજાણ્યો યુવાન બેભાન અવસ્થામાં મળી આવ્યો હતો. આથી કેટલાક નાગરિકોએ પોલીસની મદદથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. પરંતુ તેમ છતાં યુવાનની હાલતમાં કોઈ સુધાર ન જણાતા તેને વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જેનું આજે સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. અમદાવાદ સિવિલના તબીબોએ મૃતદેહનો પોસ્ટમોર્ટમ કરાવી તેને કોલ્ડ સ્ટોરેજમાં મોકલી આપ્યો હતો. આ બનાવ અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી તેના વાલીવારસની શોધખોળ હાથ ધરી છે.

પી.કે. ચૌધરી કોલેજમાં નાટ્ય સ્પર્ધા યોજાઈ

અખિલ આંજણા કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં તાજેતરમાં સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત ચાલતી નાટ્યધારા અંતર્ગત કોલેજની વિદ્યાર્થિનીઓ માટે નાટક સ્પર્ધા યોજવામાં આવી હતી. ગુજરાત સરકાર દ્વારા સૂચિત સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત ચાલતી વિવિધ ધારાઓના અનુસંધાને નાટ્યધારા યોજાય છે. પી.કે. ચૌધરી કોલેજમાં નાટ્યધારા અંતર્ગત નાટક સ્પર્ધા યોજવામાં આવી હતી. પ્રથમ, દ્વિતીય અને તૃતીય વર્ષની વિદ્યાર્થિનીઓ સ્પર્ધામાં જોડાઈ હતી. પ્રથમ ત્રણ નંબર આપી વિજેતાઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

ગજાનન સેવા સમિતિ દ્વારા ચોખા અને કઠોળનું વિતરણ

ગાંધીનગર, તા. ૫

ગજાનન સેવા સમિતિ દ્વારા તાજેતરમાં તાપી જિલ્લાના સોનગઢ તાલુકામાં ચોખા અને કઠોળનું વિતરણ કરવામાં આવ્યું હતું.

તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના મોઘવણમાં ૪૭ તરસાડીમાં ૪૪ તથા મહુડીમાં ૨૦ વૃદ્ધ લાભાર્થીને કાર્ડ આપવામાં આવ્યા છે. કાર્ડ લઈ આવનારને ૧ કિ.ગ્રા. ચોખા તથા ૫૦૦ ગ્રામ ચણાદાળ વિનામૂલ્યે આપવામાં આવ્યા હતા. વરસાદના સમયમાં કોટવાળીયા અને ભીલ લોકો પાસે ખાવાની મુશ્કેલી હોય છે. તેમને ત્રણ મહિના સારી રીતના પસાર થાય તે માટે કાર્ડ અપાયા છે.

ત્રણ મહિના સુધી અન્નક્ષેત્ર ચાલે તેટલી વ્યવસ્થા કરીને મિલિન્દ ગુપ્તે, નરેન્દ્ર ગામીત અને દીનેશભાઈએ જુલાઈમાં બે વખત સ્ટોક કર્યો છે. મોઘવણમાં ૩૩૦ બાળકોને પોતાના ઘરે તથા છોકરા ન ભણતા હોય તેમના ઘરે ૬૦૦ લીંબુના છોડનું વિતરણ કર્યુ હતુ. પ્રાથમિક તબક્કે ત્રણ ગામોમાં ૩ દવાના કીટ બોક્સ, આંગણવાડીમાં મુકાયા છે. જેનો તરસાડીમાં લોકો લાભ લઈ રહ્યા હોવાનું પ્રમુખે જણાવ્યું છે.

જાયન્ટસ્ ગ્રૂપ દ્વારા બાપુની કોલેજમાં રક્તદાન

રક્તદાતાઓ દ્વારા ૧૨૪ યુનિટ રક્તદાન એકત્ર

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાના વાસન ખાતે આવેલી શંકરસિંહ બાપુ કોલેજમાં જાયન્ટસ્ ગ્રૂપ ઓફ ગાંધીનગર દ્વારા રક્તદાન કેમ્પનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદની સિવિલ હોસ્પિટલના કેન્સરના દર્દીઓના લાભાર્થે ૧૨૪ રક્તદાતાઓએ રક્તદાન કર્યું હતું.

કેન્સર હોસ્પિટલ અમદાવાદમાં દાખલ થયેલા દર્દીઓ અને થેલેસેમીયાના બાળ દર્દીઓને મદદરૂપ થવા માટે ખાસ રક્તદાન કેમ્પ યોજયો હતો. 'આવો આપણે પણ નિયમિત રક્તદાન કરીએ અને અમૂલ્ય માનવ જીંદગીઓ બચાવવામાં સહભાગી બનીએ.' વગેરે બાબતોના પેમ્ફલેટ સાથે કોલેજના વિદ્યાર્થીઓને રક્તદાન બાબતે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ રક્તદાન કેમ્પને સફળ બનાવવા માટે શંકરસિંહ બાપુ કોલેજ, વાસનના પ્રિન્સિપાલ ડોકટર વિક્રમભાઈ પટેલ, પ્રોફેસર ભાવેશ જયસ્વાલ તથા એન.એસ.એસ.ના વિદ્યાર્થી કાર્યકરોએ સ્થાનિક સુંદર વ્યવસ્થાનું આયોજન કરેલ હતુ. સંસ્થાના ટ્રસ્ટી ભરતસિંહે પોતે પણ રક્તદાન કર્યુ હતું.

જાયન્ટસ ઈન્ટરનેશનલ ફેડરેશન ૩ સીના યુનીટ ડાયરેક્ટર સાંકાભાઈ પટેલે રક્તદાન કેમ્પમાં હાજરી આપી હતી. જાયન્ટસ ગ્રૂપ ઓફ ગાંધીનગરના પૂર્વ પ્રમુખ નટુભાઈ આર. પટેલ, ડાહ્યાભાઈ ટી. પટેલ તથા ઉપ પ્રમુખ ચંદુભાઈ એચ. પટેલ તથા ડાયરેકટર ઓફ એડમીનીસ્ટ્રેશન રમેશભાઈ આઈ. પટેલે હાજરી આપી હતી. જાયન્ટસ સભ્યો માધવલાલ એચ. પટેલ, વસંતભાઈ એ. પટેલ, વિષ્ણુભાઈ કે. પટેલ કેમ્પની સફળતા માટે ખાસ હાજરી આપી હતી.

જાયન્ટસ ગ્રૂપ ઓફ ગાંધીનગર સાહેલીના પ્રમુખ ગાયત્રીબેન એસ. પટેલ, ઉપપ્રમુખ મનીષાબેન એ. પટેલ તથા ડાયરેક્ટર ઓફ એડમીનીસ્ટ્રેશન કિરણબેન આર. પટેલે રક્તદાતાઓની કોફી-બિસ્કિટ અને પાણીની સુંદર વ્યવસ્થાને સંભાળી લીધી હતી. જાયન્ટસ્ ગ્રૂપ ઓફ ગાંધીનગરના પ્રમુખ બાબુભાઈ એમ. પટેલે એક મુલાકાતમાં જણાવેલ હતું કે, રક્તદાતાએ કરેલ રક્તદાનથી કોઈકને જીવતદાન મળે છે તેનો સંતોષ થતો હોય છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૯
સૂર્યાસ્ત : ૭.૧૦

તાપમાન

મહત્તમ : ૩૨.૬ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૯૨ ટકા ● સાંજે ૭૦ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધ સ્યુર્ફસ-૨ ૩ડી(હિન્દી): ૧૦.૩૦, ૩.૩૦, ૫.૪૫, ૮.૦૦
ધ વોલ્વેરીન ૩ડી(હિન્દી) : ૧૨.૪૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
રમૈયા વસ્તાવૈયા : ૯.૩૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૩૦
: સ્ક્રીન-૩ :
ભાગ મિલ્ખા ભાગ : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦
: સ્ક્રીન-૪ :
રબ્બા મેં ક્યા કરું : ૧૨.૦૦, ૫.૨૦, ૧૦.૪૦
ડી-ડેય : ૨.૨૦, ૭.૪૦

સૂર્યા, વાવોલ

રબ્બા મેં કયા કરું : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રબ્બા મે કયા કરું : ૧૦.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
સીંઘમ-૨ : ૧.૩૦
ચોર ચોર સુપર ચોર : ૪.૩૦
: સ્ક્રીન-૨ :
બી.એ. પાસઃ ૧૦.૧૫, ૭.૩૦
રમૈયા વસ્તાવૈયા : ૧.૦૦, ૧૦.૧૫
સીંઘમ-૨ : ૪.૦૦
: સ્ક્રીન-૩ :
સીંઘમ-૨ : ૧૦.૪૫, ૭.૦૦
બી.એ. પાસ : ૨.૦૦, ૧૦.૧૫
રમૈયા વસ્તાવૈયા : ૪.૩૦

વિરાગ, કલોલ

રબ્બા મેં કયા કરું : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ધાર્મિક

● અષાઢ વદ-૧૪ નીમિતે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી વલ્લભધામ, ચ-રોડ, સેકટર-૨૧ ખાતે આજે હરિયાળી ઘટાના હિંડોળા

આપની આજ

મેષ : મનોરંજન, ઉત્સવ આમોદ-પ્રમોદ સંબંધી કાર્ય થશે. કુટુંબીજનો સાથે ભાગ્યવર્ધક સંભવિત યાત્રા-પ્રવાસ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનના યોગ બની રહ્યા છે નોકરીમાં બદલી-બઢતી થઈ શકે છે.

વૃષભ : કળાત્મક કાર્યોમાં વિશેષ ચિંતનનો યોગ. કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી હિતાવહ છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

મિથુન : આવકના સાધનોથી લાભ પ્રાપ્તિ થશે, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્ય થશે. કોઈ ચિંતાથી મુક્તિ મળશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સંચિત ધન વૃદ્ધિના ઉત્તમ ગુપ્ત કાર્યોમાં રુચિ વધશે.

કર્ક : કર્મક્ષેત્રમાં વિશિષ્ટ, મહત્વપૂર્ણ કાર્યોમાં સમય પસાર થશે. વ્યાપાર- વ્યવસાયમાં સારો અને લાભદાયી રહેશે. નકારાત્મક વિચારોથી દુર રહેવું. ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે. નવા સંબંધ લાભદાયક રહેશે.

સિંહ : વાહન ધ્યાનથી ચલાવો. માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ વગેરેનો યોગ. તમારા કાર્યોથી પ્રશંસા થશે. આવક-જાવકમાં સંતોલન રહેશે.

કન્યા : સમાજમાં માન, પદ-પ્રતિષ્ઠા, સંબંધી કાર્યોમાં લોકપ્રિયતામાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. સાવચેતી રાખવી. વ્યવસાયિક લાભ અને સુખસમૃદ્ધિ વધશે. ધાર્મિક ક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રાઓ વિશેષ યોગ. કલાત્મક કાર્ય થશે.

તુલા : ભાગીદારીમાં પરિવર્તન વગેરેથી વિશેષ લાભ પ્રાપ્ત થશે. વ્યાપારમાં ભાગીદારીથી લાભ. કુટુંબમાં માંગલિક કાર્યો થઈ શકે છે. રોગ, શત્રુ વિવાદ વગેરેમાં ખર્ચ થશે.

વૃશ્ચિક : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. આવકના સ્ત્રોતથી વિશેષ લાભ થવાની સંભાવના છે. જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

ધન : કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો પણ ઉકેલ થશે. જીવનમાં નિરાશાનો આભાસ થઈ શકે છે.

મકર : માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવના છે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. વેપાર સારો ચાલશે. પ્રયત્નોનું ફળ પ્રાપ્ત થઈ શકશે.

કુંભ : પ્રેમ સંબંધમાં સફળતા મળી શકે છે. આજે કુંટબના સભ્યોને લઈને માંગલિક કાર્યની રૂપરેખા બનશે. દૈનિક વેપારમાં ભાગીદારી પરિવર્તન સંબંધી કાર્ય થઈ શકે છે.

મીન : આવકના સાધનોમાં વિસ્તાર માટે ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. કર્મક્ષેત્રમાં વિશેષ કલાત્મક કાર્યો થઈ શકશે. વિશેષ ખર્ચ થવાની સંભાવના છે.

ચિરવિદાય

- સ્વ. હિતેશકુમાર ગોરધનદાસ મોદી (ઉ.વ.૪૫) પાર્થ સોસાયટી, મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર
- સ્વ. ભાલાજી સોમાજી ઠાકોર (ઉ.વ.૫૯) ફતેહપુરા, સેકટર-૧૫, ગાંધીનગર
- સ્વ. હિરાબેન મથુરજી સોલંકી (ઉ.વ.૮૫) મુ. બોટાકીયા, પો. ડભોડા, તા., જિ. ગાંધીનગર
- સ્વ. અનંતરાય હિંમતલાલા રાઠોડ (ઉ.વ.૬૬) પ્લોટ નં.૧૫૧૭/૧, સેક્ટર-૩/ડી, ગાંધીનગર
- સ્વ. ફૂદીબા ગાંડાજી વાઘેલા (ઉ.વ.૮૦) મુ.પો. બાસણા, તા., જિ. ગાંધીનગર